જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/03/૨૦૧૮ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૨૬૫ લીટર દેશી દારૂ, ૩૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૯ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઉચાપતઃ-** **સમાચાર યાદી નં.૫૫૬/૧૮**

**મણીનગરઃ** કિરણ દેવગીરી ગોસ્વામી (ઉ.વ.૨૧) (રહે.બંસીધર એપાર્ટમેન્ટ વિભાગ-૨ દક્ષીણી સોસાયટી મણીનગર) એ તા.૨૦/03/૧૮ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/03/૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નૈના નામની લેડીઝ મો.નં.૯૨૦૫૧૯૮૨૮૧ મોન્સ્ટર નામની વિખ્યાત કંપની અમિતસિંહ મો.નં.૯૫૯૯૯૧૩૦૨ સંદિપભાઈ મો.નં. ૯૮૧૦૧૬૨૬૯૩ અને પ્રિયંકા મોનં. ૯૫૯૯૯૧૩૦૨ એ ભેગા મળી કિરણ ગોસ્વામીને જોબ આપવાની લાલચ આપી અલગ અલગ સમયે મોન્સ્ટર નામની કંપનીના ખાતામાં રૂપિયા ૧૦,૩૫૦/- ભરાવી અને જોબ ન આપી તથા ભરેલ રકમ પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી પી.જી.સરવૈયા ચલાવે છે.

**ઈસનપુરઃ** રાજવી ડો/ઓફ અજીતસિંહ પરમાર (ઉ.વ.૨૫) (રહે. એક્તાપાર્ક સોસાયટી ખારાવલા બસ સ્ટેન્ડ પાસે વટવા રોડ) એ તા.૨૦/03/૧૮ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૧૮ બપોરના ૨/30 વાગ્યાના સુમારે ઇસનપુર ગોવિંદવાડી એસ.બી.આઇ એ.ટી.એમ.માં પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષોએ રાજવી પરમાર જે કાર્ડનો ઉપયોગ કરી રહેલ તે કાર્ડનો પાસવર્ડ જાણી લઈ તેમજ રાજવી પરમાર જોડેનુ એટી.એમ.કાર્ડ બદલી લઈ ગોવિંદવાડી એસ.બી.આઈ. એ.ટી.એમ.માંથી રોકડ રૂપિયા ઉપાડી લઈ તેમજ ટ્રાંજેક્શન કરી કુલ રૂપિયા ૩૮,૦૦૦/- છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.એચ.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૫૭/૧૮**

**પાલડીઃ** મનિષભાઈ હેમેન્દ્રભાઈ પટેલ (રહે. સૌરાષ્ટ્ર સોસાયટી ન્યુ વિકાસગૃહ રોડ ધુમકેતુ માર્ગ પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૩/૧૮ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પાલડી સૌરાષ્ટ્ર સોસાયટી બંગલા નં૬/એ/૧/૨ ખાતે મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ અલગ અલગ પ્રકારના કેબલના બંડલ કિમત રૂપિયા ૧,૯૭,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી આર.એમ.રાઠોડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૫૮/૧૮**

**ઘાટલોડીયાઃ** અશોકકુમાર ચંદુલાલ પટેલ (રહે. તુલીપ-૨ શુકન-૬ ફ્લેટ સાયન્સ સીટી પાસે સોલા) એ તા.૨૦/૦૩/૧૮ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૩/૧૮ સાંજના ૬/૧૫ થી તા.૧૯/૦૩/૧૮ કલાક ૧૦/૧૫ વાગ્યાના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘાટલોડીયા સોલા રોડ ઉપર આવેલ કાંકરીયા હનુમાન મંદીરથી બાબા રામદેવ કોમ્પલેક્ષ સુધીના અંડરગ્રાઉન્ડ લાઇનમાંથી ટેલીફોનના કેબલ કિમત રૂપિયા ૧૦,૯૨,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી એમ.એન.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.